Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સિન્ડિકેટની સામાન્ય સભા

## : નોટિસ :

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર તા.૩૧–૦૩–૨૦૨૨ના રોજ સવારેઃ ૧૧–૧૫ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૨૦૫માં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. સિન્ડિકેટની તા.૦૮ –૦૩–૨૦૨૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...
**(નોંધ:**પ્રસ્તુત કાર્યવાહી તા.૦૮–૦૩–૨૦૨૨, ક્રમાંકઃ એસ/મીટીંગ/૪૭૨૦/૨૦૨૨થી મોકલવામાં આવેલ છે.**)**

૨. **યુનિવર્સિટી દ્વારા પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ M.Sc. (IT)અભ્યાસક્રમ વીથ option to exit ફ્રોમ third year મુજબનો અભ્યાસક્રમ ચાલી રહેલ છે. આ અભ્યાસક્રમની માંગને લઈને તથા બાબતને જોતાં નીચે મુજબના ત્રણ પ્રોગ્રામની બાબતે એક સર્વગ્રાહિનીતિ યુનિવર્સિટી દ્વારા બનાવવા ડો. સ્નેહલ જોષીના તા. ૦૪–૨–૨૦૨૨ના ઈ–મેઈલથી મળેલ રજૂઆત પરત્વે એકેડેમિકકાઉન્સિલે તેની તા.૦૫–૦૨–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૦) અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ સંદર્ભે સિન્ડિકેટે તેની તા.૧૦–૦૨–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦) થી કરેલ ઠરાવ સંદર્ભમાં એકેડેમિકકાઉન્સિલે તેની તા. ૨૫–૦૨–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦૪) થી M.Sc. (IT) (2 Yrs.) (Four Semester separate Programmes) – Total 02 Division અંગે વધુ ચર્ચા માટે આગામી એકેડેમિકકાઉન્સિલમાં રજૂ કરવા ઠરાવેલ હોય, જે અંગે એકેડેમિકકાઉન્સિલે તેની તા.૦૫–૦૩–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) થી કરેલ ઠરાવને અનુસંધાને અર્થઘટન કરના નીચે મુજબ પ્રવેશ કાર્યવાહી કરવાની થતી હોય, જે અંગે વિચારણા કરવા બાબત.**

| | | | |
|---|---|---|---|
| (૧) | **M.Sc. (IT) 5 Yrs. Integrated Programmes** | - | **Total 06 Division** |
| (૨) | **B.Sc. (IT) (3 Yrs.) Programmes** | - | **Total 04 Division** |

**<u>એકેડેમિકકાઉન્સિલની તા.૦૫–૦૨–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૫૦)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. ખાતે ચાલતા એમ.એસસી. આઈ.ટી. ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામની વિશેષ માંગ રહેતી હોવાને કારણે વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તથા વિદ્યાર્થીઓને લાભ મળી શકે તે હેતુથી (૧) એમ.એસસી. (આઈ.ટી.) ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ માટે ૦૨ વધારાના ડિવીઝનો (૨) બી.એસસી.(આઈટી) ત્રણ વર્ષના સ્નાતક કક્ષાનાં પ્રોગ્રામ માટે ૦૨ વધારાના ડિવીઝનો સવારની પાળીમાં અને ૦૨ વધારાનાં ડિવીઝનો સાંજની પાળીમાં (૩) એમ.એસસી. આઈ.ટી. બે વર્ષ ના અનુસ્નાતક કક્ષાનાં પ્રોગ્રામ માટે ૦૨ વધારાના ડિવીઝનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી શરૂ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં એમ.એસસી.(આઈટી) બે વર્ષના અનુસ્નાતક કક્ષાનાં પ્રોગ્રામ પ્રવેશ માટે એલીજીબીલીટી ક્રાયટેરીયા નકકી કરવા ઈન્ફોર્મેશન ટેકનોલોજી બોર્ડને જણાવવામાં આવે છે. ઉપરાંત અત્રે મંજૂર કરવામાં આવેલ ડિવીઝનોની સંખ્યામાં ફેરબદલ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે. ઉપરાંત જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સ્ટાફની પુર્તતા કરવા પ્રોગ્રામની EC ને પ્રસ્તાવ મુકવા જણાવવામાં આવે છે.

**<u>સિન્ડિકેટની તા.૧૦–૦૨–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૧૦)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિકકાઉન્સિલની તા.૦૫–૦૨–૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૫૦ થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરવો.

**<u>એકેડેમિકકાઉન્સિલની તા.૨૫–૦૨–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૧૦૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, (૧) **M.Sc. (IT) 5 Yrs. Integrated Programmes – Total 04 Division**(૨)**B.Sc. (IT) (3 Yrs.) Programmes – Total 04 Division** મંજૂર કરવામાં આવે છે તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી પ્રવેશની કાર્યવાહી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, (૩)**M.Sc. (IT) (2 Yrs.) (Four Semester seperateProgrammes) – Total 02 Division** અંગે વધુ ચર્ચા માટે આગામી એકેડેમિકકાઉન્સિલમાં રજૂ કરવી.

**<u>એકેડેમિકકાઉન્સિલની તા.૦૫–૦૩–૨૦૨૨ની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૫)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિકકાઉન્સિલની તા. ૨૫–૦૨–૨૦૨૨ ની સભાનો ઠરાવ ક્રમાંક :(૧૦૪) થી કરેલ ભલામણ અંતર્ગત માત્ર ) **M.Sc. (IT) 5 Yrs. Integrated Programmes**ના વધારાનાં બે ડિવીઝન સવાર / બપોર પાળીમાં હાલના ઈન્ફાસ્ટ્રચરનો ઉપયોગ કરી તથા યુનિવર્સિટીના નિયમ અનુસાર જરૂરિયાત મુજબ મુલાકાતી અધ્યાપકોની વ્યવસ્થા કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી પ્રવેશની કાર્યવાહી કરવી.

(એકેડેમિક વિભાગ)

૩. **કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ Winter Session ડબલ એન્ટ્રી સીસ્ટમ બી.સી.એ. માટે નીચે મુજબની સત્રવ્યવસ્થા તૈયાર કરેલ છે, જે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૫/૦૩/૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૩ અન્વયે સ્વીકારેલ છે, તે અંગે વિચારણા કરવા બાબત.**

(૧) રેગ્યુલર મોડની સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૧, ૩ અને ૫ ની એ.ટી.કે.ટી. પરીક્ષા થાય ત્યારે ડયુઅલ મોડ (Winter Session) ની રેગ્યુલર પરીક્ષા થાય તે મુજબ ગોઠવણી કરવી.

(૨) રેગ્યુલર મોડની સ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૨, ૪ અને ૬ ની એ.ટી.કે.ટી. પરીક્ષા થાય ત્યારે ડયુઅલ મોડ (Winter Session) ની એ.ટી.કે.ટી. પરીક્ષા રાખવી.

**B.C.A. Winter Session Term Schedule**

| | |
|---|---|
| **Commencement of First Term (Semester - 1, 3, 5)** | **15/12/2021** |
| **Internal Evaluation** | **By 15/03/2022** |
| **University Exams (Regular) For Sem. - 1, 3, 5** | **Along with A.T.K.T. exams of Regular (Summer) sessions** |
| **University Exams (A.T.K.T.) For Sem. - 2, 4, 6** | **Along with Regular exams of Regular (Summer) sessions** |
| **Summer Vacation** | **As per the declared vacation for** |
| **Start of New Academic session of (Sem. - 2, 4, 6)** | **14/ 06/2022** |
| **B.C.A. (Sem.-6) Theory exams** | **16/08/2022** |
| **University Exams (Regular) for Sem.-2 and 4** | **Along with A.T.K.T. exams of Regular (Summer) sessions** |
| **University Exams (A.T.K.T.) for Sem.-1, 3,5** | **Along with Regular exams of Regular (Summer) sessions** |

(એકેડેમિક વિભાગ)

૪. તા.૦૫-૦૩-૨૦૨૨ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક:૯ અંગે વિચારણા કરવા બાબત.
બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(બિડાણ : ૦૧)
(હિસાબી વિભાગ)

૫. તા.૧૬-૦૩-૨૦૨૨ ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૮, ૧૦, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦.૧, ૨૦.૨, ૨૦.૪, ૨૦.૫ અને ૨૦.૬ અંગે વિચારણા કરવા બાબત.
બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(બિડાણ : ૦૨ )
(હિસાબી વિભાગ)

૬. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં સી.બી.પટેલ કોમ્પ્યુટર એન્ડ જે. એન.એમ.પટેલ સાયન્સ કોલેજ,ભરથાણા,વેસુ ના આસિ. પ્રોફેસર શ્રી **ર્ડા. કરકર તુષારભાઈ જગદીશભાઈ**ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા BUT ની તા.૧૯–૦૨–૨૦૨૨ની સભાએ મુલ્યાંકન અહેવાલોનો સ્વીકાર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય, જે ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૨૫–૦૨–૨૦૨૨ની સભાએ મંજુર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

(૧) ર્ડા.ડી.કે.રાવલ, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનો અહેવાલ હકારાત્મક છે.

(૨) ર્ડા.આર.સી.ટંડેલ, પ્રોફેસર, એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરાનો અહેવાલ હકારાત્મક છે.

**<u>BUT ની તા.૧૯–૦૨–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં સી.બી.પટેલ કોમ્પ્યુટર એન્ડ જે.એન.એમ.પટેલ સાયન્સ કોલેજ,ભરથાણા,વેસુના આસિ.પ્રફેસરશ્રી ર્ડા.કરકર તુષારભાઈ જગદીશભાઈને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૨૫–૦૨–૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક (૬૦)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, BUT ની તા.૧૯–૦૨–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં સી.બી.પટેલ કોમ્પ્યુટર એન્ડ જે.એન.એમ.પટેલ સાયન્સ કોલેજ, ભરથાણા,વેસુના આસિ.પ્રફેસરશ્રી ર્ડા.કરકર તુષારભાઈ જગદીશભાઈને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(અનુસ્નાતક વિભાગ)**

૭. યુનિવર્સિટી વહીવટીના સંપૂર્ણ કોમ્પ્યુટરઈઝેશન માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/ ૧૧૯૫૬/ ૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી Guj Info Petro Limited, Gandhinagar વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે સંદર્ભે સિન્ડિકેટની તા.૨૫/૦૮/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૦૨ના ઠરાવ્યાનુસાર GIPL ને સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) સંદર્ભે સમિતિના સભ્યોની નિમણૂંક કરતા સમિતિની સભાના અહેવાલ અંતર્ગત યુનિવર્સિટી ખાતે કેટલા મોડયૂલ તૈયાર થયેલ છે અને હાલ કાર્યરત છે તેની માહિતી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા જણાવતા GIPL દ્વારા આજદિન સુધી યુનિવર્સિટી ખાતે ઓનલાઈન તૈયાર થયેલ મોડયૂલની યાદી પર વિચારણા કરવા બાબત.

(બિડાણ: ૦૩)
(વહીવટી વિભાગ)

૮. વિદ્યાભારતી ટ્રસ્ટ, વિદ્યાભારતી કેમ્પસ, મુ.પો. બાબેન, તા. બારડોલી, જિઃ સુરતના સંચાલિત વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ નર્સિંગ, મુ.પો. બાબેન, તા. બારડોલી, જિઃ સુરત– ૩૯૪૬૦૧માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી શરૂ કરવા માટે કરેલ જોડાણઅરજી લેઈટ ફી વગર સ્વીકારવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ : (૧) ઓર્ડિનન્સ–૬૬ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ની જોડાણ અરજી લેઈટ ફી વગર સ્વીકારવાની છેલ્લી તા.૩૦–૧૨–૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ હતી.
(૨) સદર કોલેજે જોડાણઅરજી સાથે રૂા.૧,૭૫,૦૦૦/– અને રૂા.૨૦,૦૦૦/– પ્રોસેસીગ ફી મળી કુલ્લે રૂા.૧,૯૫,૦૦૦/– નો ચેક મોકલેલ છે.
(૩) પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે. )

(બિડાણ : ૦૪)
(જોડાણ વિભાગ)

૯. તા. : ૨૧–૦૩–૨૦૨૨ ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ થી ૯ ઉપર વિચારણા કરવા બાબત.

**( બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ )**

(બિડાણ : ૦૫)
(બાંધકામ)

૧૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ નવી બોયઝ હોસ્ટેલ બિલ્ડીંગનું નામકરણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

૧૧. યુનિવર્સિટી પરિસર ખાતે વિવિધ મલ્ટી ડિસિપ્લેનિયરી સર્ટિફિકેટ/ડિપ્લોમાં અભ્યાસક્રમ Department of Continuing Education and Extension work હેઠળ શ્રી મેહુલ પટેલ, એસો.પ્રોફેસર, બેચલર ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન, સ્વનિર્ભર અભ્યાસક્રમને કો–ઓર્ડિનેટર તરીકે જવાબદારી સોંપી ચલાવવા અંગેની જાણ થવા સારું બાબત....

(વહીવટી વિભાગ)

## **<u>માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.</u>**

૧૨. **શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતના પ્રમુખશ્રીએ તેના તા.૦૪–૦૧–૨૦૨૨ના પત્ર ક્રમાંક ૩૩૧/૨૦૨૧–૨૨ થી શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરતની કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી M.Sc.(I.T.) Integrated Courseઅભ્યાસક્રમનું નવું જોડાણ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સાથે કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું No Objection Certificate આપવા કરેલ વિનંતી ગ્રાહય રાખી NOC આપવા અંગેના માન.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત....**

**નોંધ : સંસ્થા દ્વારા યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ (૩)(A) અનુસારની ફી રૂા.૧,૦૦,૦૦૦/– પુરા યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે.**

**(જોડાણ વિભાગ)**

૧૩. Dr. Heena N. Makwana તરફ થી " Dr. B.R. Ambedkar Prize, in The Fond Memory of Late. Shri Chitabhai Gohil" નું પ્રાઈઝ આપવા અંગે રૂા.50,000/-( અંકે રૂપિયા પચાસ હજાર પુરા/–)નું દાન પેટે Union Bank of India ના તા. ૧૦/૦૩/૨૦૨૨ નાં **ચેક નં 072244** થી આપેલ છે. સદર દાન માન. કુલપતિશ્રી દ્વારા સિન્ડીકેટ વતી સ્વીકારવામાં આવેલ હોય, માન. કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવાની બાબત.

**(હિસાબી વિભાગ)**

૧૪. યુનિવર્સિટી ખાતે NAAC એક્રેડીટેશનની અતિ મહત્વની કામગીરી માટે શિક્ષકોની મર્યાદિત પરિસ્થિતિમાં યુનિવર્સિટી સંલગ્ન પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ,અમરોલી,સુરત અને જે.ઝેડ.શાહ આર્ટસ એનડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ,અમરોલીના આસિસ્ટન્ટ પ્રોફેસર (૧) ડૉ.નિલેશ પટેલ ને યુનિવર્સિટીમાં કાર્યરત કોમર્સ વિભાગ ખાતે અને (૨) શ્રી વિરલ પોલીસવાલા અને (૩) શ્રી કમલેશ સાવલિયાની આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે યુનિવર્સિટીમાં કાર્યરત ડિપાર્ટમેન્ટ ઓફ કન્ટીન્યુઈંગ એજયુકેશન એન્ડ એક્ષટેન્શન વર્ક ખાતે તેઓને મળતા આખરી પગાર + રૂા.૭,૫૦૦/– પર યુનિવર્સિટી ફંડમાંથી લીયન આધારીત નિમણૂંક કરવા અંગેના માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત...

**(હિસાબી વિભાગ)**

૧૫. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ/મીટીગ/ ૬૦૩૨/૨૦૨૨
તા. ૨૫–૦૩–૨૦૨૨

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.........**